Downloaded From: Prashantgavaniya.blogspot.in



## હાથીભાઈની હા....ક....છી.... !

પશુઓના છાત્રાલયમાં મોન્ટુ મદનિયું ઘડીએ ઘડીએ જોરથી છીંકો ખાઈ રહ્યું હતું. તેને સવારથી ખૂબ જ શરદી થઈ ગઈ હતી. જ્યારે તે છીંક ખાતું હતું ત્યારે પાસેના રૂમમાં રહેતાં બધાં પશુઓ ગભરાઈ જતાં. મદનિયું છીંકને દબાવવા ખૂબ જ પ્રયત્ન કરતું હતું, પણ જેમ તે વધારે પ્રયત્ન કરે તેમ વધારે જોરથી તેને છીંક આવતી હતી. આટલી બધી શરદી તેને ક્યારેય થઈ નહોતી. એક દિવસે તે ઘણી વાર સુધી નળની નીચે નાહ્યો હતો એટલે કદાચ તેને શરદી થઈ ગઈ હતી.

છાત્રાલયના સાહેબ રીંછભાઈને તો બહુ જ ચિંતા થતી હતી. બધા વિદ્યાર્થીઓની તબિયત સાચવવાની જવાબદારી તેના પર હતી.

ડૉક્ટર વનુ વાંદરાભાઈ આવી ગયા. તેની સાથે કંપાઉન્ડર કાંગારું પોતાના ખિસ્સામાં ડૉક્ટરની બેગ લઈને આવ્યા.

ડૉક્ટરે મદનિયાની તપાસ કરી. તેણે પોતે જ જુદી જુદી નવી દવાઓ શોધી કાઢી હતી, તે હાથીને માટે તૈયાર કરવામાં પડી ગયા.

તેણે કેળાં, ગોળ, શેરડી, ઘી, નાળિયેર તથા મધ મંગાવ્યું.

કેળાના ટુકડા, ગોળ, શેરડીનો રસ, ઘી, નાળિયેરના ટુકડા તથા મધ મેળવ્યું. બીજી થોડીક દવા ભેગી કરી દિવસમાં બે વાર જમ્યા પછી તે લેવાનું કહ્યું ને ડૉક્ટર જતા રહ્યા.

ડૉક્ટરના ગયા પછી મોન્ટુ મદનિયાના દોસ્તો તેની તબિયતના ખબરઅંતર પૂછવા આવ્યા. રૂમમાં આવતાંની સાથે જ શકરા શિયાળભાઈએ જોયું કે દવા તૈયાર કરતી વખતે જ સામગ્રીનો કોઈક ભાગ ટેબલ પર વેરાઈ ગયો હતો. તેણે તેને ચાખીને જોયું તો ખુશીથી ઊછળી પડયો. આટલી સ્વાદિષ્ટ દવા તેણે કોઈ દિવસ ખાધી નહોતી. શિયાળભાઈએ તો બીજાં પશુઓના કાનમાં કંઈક કહ્યું. તે જાનવરોએ પણ દવા ચાખી જોઈ. બધાની આંખો ચમકવા લાગી.

હાથી બહુ આનંદથી દવા ખાઈ રહ્યો હતો. બધાં પ્રાણીઓ તેને અદેખાઈથી જોઈ રહ્યાં હતાં. હાથીએ જ્યારે દવા ખાઈ લીધી ત્યારે મિત્રોએ તેની તબિયતની ખબર પૂછી અને સૌ પોતપોતાના રૂમમાં પાછા જતા રહ્યા.

બીજા દિવસે સવાર થતાં સુધીમાં તો હાથીભાઈ બિલકુલ ઠીક થઈ ગયા. પણ કેવું આશ્ચર્ય ! બીજાં બધાં પ્રાણીઓને બહુ જ શરદી થઈ ગઈ. શિયાળ મિનિટમાં દસ વાર છીંક ખાઈ રહ્યું હતું. છીંક આવવાને લીધે આમથી તેમ આંટા મારી રહ્યું હતું. બિલાડી પણ રોવા જેવી થઈ ગઈ હતી. કૂતરો પણ ભસીભસીને બધાને કહી રહ્યો હતો કે તે પણ બીમાર થઈ ગયો છે. ગેંડો જ્યારે છીંક ખાતો ત્યારે તેના અવાજથી તેની બાજુમાં રહેલાં બધાં પ્રાણીઓ ઊછળી પડતાં. બધાં પશુઓ જુદી જુદી રીતે જણાવી રહ્યાં હતાં કે તેમને પણ શરદી થઈ ગઈ છે. છાત્રાલયમાં ખળભળાટ મચી ગયો હતો.

રીંછભાઈએ ફરીથી ડૉક્ટરને ફોન કર્યો. ડૉક્ટર આવ્યા. જ્યારે તેને જાણવા મળ્યુ કે બધાં પ્રાણીઓને એકી સાથે શરદી થઈ ગઈ છે ત્યારે તેના ચહેરા પર સ્મિત ફેલાઈ ગયું. તેણે બધાંને તપાસીને કહ્યું, ‘થોડીક જ વારમાં દવા તૈયાર કરીને આપું છું. એ જ સમયે ભોજનનો ઘંટ વાગ્યો અને બધાં જાનવરો ભોજનાલયમાં ચાલ્યાં ગયાં.

ડૉક્ટરે લીમડાનાં પાન, આદુ, કાળાં મરી, તમતમતું લાલ મરચું, કડવી મેથી, કડવાં કારેલાં મંગાવ્યા અને બધું મિશ્રણ તૈયાર કર્યું.

દવા તૈયાર કરીને તેણે રીંછભાઈને બોલાવ્યા અને કહ્યું, ‘જુઓ, આજકાલ એક ભયંકર નવો રોગ ફેલાઈ રહ્યો છે. તેની શરૂઆત નજીવી શરદીથી જ થાય છે. મેં તૈયાર કરેલી આ દવા રોગને માટે રામબાણ ઈલાજ છે. બધા બીમાર વિદ્યાર્થીઓને કહો કે તેઓ જ્યાં સુધી સાજા ન થઈ જાય ત્યાં સુધી રોજ ત્રણવાર બે–બે ચમચી આ દવાનું સેવન કરે. નિયમનું કડકાઈથી પાલન કરાવજો. જરા પણ બેદરકારી દેખાડી તો રોગ વધી જવાની શક્યતા છે.’

આવી ચેતવણી આપીને ડૉક્ટર ચાલ્યા ગયા. રીંછભાઈએ તો બધાં બીમાર પ્રાણીઓને બોલાવ્યાં અને ડૉક્ટરે કહેલા આદેશનો અમલ કરવાનો હુકમ આપ્યો.

શિયાળે તો હાશ આપણને હાથીભાઈ જેવી દવા પીવા મળશે એમ માની ઝડપથી બે ચમચી દવા એકી સાથે મોંમાં નાખી દીધી પણ તીખી અને કડવી દવાને લીધે તો તેના ખરાબ હાલ થઈ ગયા.

બધાં જાનવરો ડૉક્ટરની ચાલ સમજી ગયાં. બધાએ દવા પીવાની ના પાડી દીધી પણ રીંછભાઈ બહુ જ કડક હતા. તેમણે કહ્યું. ‘દવાની તો બધાને અરુચિ થાય છતાં પીવી જ પડશે.’ એમ કહીને બધાને જબરદસ્તીથી દવા પીવડાવી દીધી. બધાં જાનવરો બૂમ–બરાડા પાડી આમતેમ ભાગવાં લાગ્યાં.

પાછી બપોરે પણ ફરીથી આ જ દવા પીવી પડશે એમ વિચારીને બધાં પ્રાણીઓ એકબીજા સાથે વિચાર અને સલાહ–સૂચન કરવા લાગ્યાં. પાંચ મિનિટ પછી બધા રીંછભાઈ સામે હાજર થઈ ગયા અને બોલ્યા, ‘ડૉક્ટર વનુ વાંદરાભાઈની દવા કેવી સરસ છે ? જુઓ, અમે એક જ વાર તેનું સેવન કર્યું અને અમારી શરદી ભાગી ગઈ. હવે તો બધા દવા લેવાનું બંધ કરી શકીએ ને ?’

રીંછજીને ડૉક્ટરની દવાની અસર પર બહુ જ આનંદ થયો. તેણે ડૉક્ટરને ફોન કરીને પૂછ્યું કે બધાં પ્રાણીઓ દવા પીવાની બંધ કરવાનું કહે છે.

ડૉક્ટરે કહ્યું કે હવે દવા ખાવાની કોઈ જ જરૂર નથી. તે દિવસથી બધાં પ્રાણીઓએ ખોટાં બહાનાં બતાવવાનું બંધ કર્યું.

સૌજન્ય : ‘સંસ્કાર સુધા’

■

Downloaded From: Prashantgavaniya.blogspot.in